ગાંધીનગરમાં ત્રિ-દિવસીય વાયબ્રન્ટ સમિટનું ૧૦મી જાન્યુઆરીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે ઉદ્‌ઘાટન

૧૫થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થશે : દેશ-વિદેશોમાં રોડ શો યોજાશે : વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત ૧લી ડિસેમ્બર થી ૧૨મી જાન્યુઆરી સુધી વિવિધ કાર્યક્રમો યોજાશે : મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલ ૮ અને ૯ ડિસેમ્બરના રોજ દુબઇ-અબુધાબી ખાતે રોડ શો માં ઉપસ્થિત રહેશે

ગાંધીનગર, તા. ૨૨

ઉદ્યોગ વિભાગના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાએ જણાવ્યુ છે કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા ગુજરાતમાં શરૂ કરાયેલ વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમીટની ૧૦ મી શૃંખલા આગામી તા. ૧૦ થી ૧૨ જાન્યુઆરી-૨૦૨૨ દરમિયાન યોજાશે.

તા.૧૦ મી જાન્યુઆરીના રોજ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના હસ્તે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ તેમજ ગ્લોબલ ટ્રેડ શો નો ઉદઘાટન સમારોહ યોજાશે. ત્રિદિવસીય સમિટમાં વિવિધ ક્ષેત્રો સંદર્ભે વિવિધ સેમીનારો યોજાશે. વાયબ્રન્ટ સમિટ પૂર્વે રાજ્યભરમાં દસ જેટલા વિવિધ ક્ષેત્રોના પ્રિ-ઈવેન્ટ કાર્યક્રમો પણ યોજાશે. તેમજ આ ૧૦ મી વાયબ્રન્ટ સમિટમાં ૧૫ થી વધુ દેશો કન્ટ્રી પાર્ટનર તરીકે સહભાગી થશે.

આજે ગાંધીનગર ખાતે વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ અંતર્ગત મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલની ઉપસ્થિતીમાં રૂા. ૨૪,૧૮૫ કરોડના ૨૦ એમઓયુ પર હસ્તાક્ષર થયા છે જેના પરિણામે ૩૭ હજાર જેટલી નવી પ્રત્યક્ષ રોજગારીની તકો મળશે.

વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના સંપૂર્ણ કાર્યક્રમની રૂપરેખા આપતા ગુપ્તાએ કહ્યું કે તા.૧૦ મી જાન્યુઆરીએ દેશના વડાપ્રધાનના હસ્તે વાયબ્રન્ટ સમિટનું ઉદ્‌ઘાટન થશે. તા.૧૧ મી જાન્યુઆરીએ વડાપ્રધાનની વિઝનરી યોજના 'ગતિશક્તિ યોજના' હેઠળ ગુજરાતને કઈ રીતે ઈન્ફ્રાસ્ટ્રકચરલ તેમજ ઈન્વેસ્ટમેન્ટ દ્રષ્ટિકોણથી વધુને વધુ લાભ મળે તેની કાર્યરીતિ ઘડાશે. તે ઉપરાંત પ્રોડક્શન લિંકડ ઈન્વેસ્ટમેન્ટ સ્કીમ્સ અંતર્ગત વિવિધ સેક્ટરમાં જાહેર કરાયેલી યોજનાઓ થકી ગુજરાતનો ઔદ્યોગિક વિકાસ આગળ ધપાવવા નક્કર કદમ ભરાશે અને દેશમાં પ્રોડક્શન અંગેની તૈયાર કરાયેલી યોજનાઓ અંગે પણ વિશદ ચર્ચા હાથ ધરવામાં આવશે. જ્યારે તા.૧૨ મી જાન્યુઆરીએ ટેકનોલોજીનો મહત્તમ ઉપયોગ, વધુને વધુ રોજગારી તેમજ ટેકનોલોજી થકી વેલ્યુ એડીશન થાય તે સહિતના વિષય પર વિસ્તૃત ચર્ચા કરાશે અને ત્યારબાદ વાયબ્રન્ટ સમિટનું સમાપન કરવામાં આવશે.

ગુપ્તાએ ઉમેર્યું કે વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટના પ્રચાર અર્થે દેશ વિદેશમાં રોડ શોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમેરિકા, જર્મની, નેધરલેન્ડ, યુ.કે., ફ્રાન્સ, જાપાન, દુબઈ, આબુધાબી તથા મિડલ-ઈસ્ટના દેશોમાં વિવિધ વિભાગના સચિવો રોડ શો માટે જશે. મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ તા. ૮ અને ૯ મી ડિસેમ્બરના રોજ દુબઈ અને આબુધાબી ખાતે રોડ શોમાં સહભાગી થશે. જ્યારે દેશભરના વિવિધ ૬ જેટલા રાજ્યોના મેટ્રોપોલિટન શહેરમાં પણ રોડ શોનું આયોજન કરાયું છે. જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તા.૨૫મી નવેમ્બરના રોજ દિલ્હી ખાતેના રોડ શોમાં સહભાગી થશે તે ઉપરાંત મુંબઈ, લખનઉ, હૈદરાબાદ, ચેન્નઈ અને બેંગલોર ખાતે યોજાનાર રોડ શોમાં મંત્રીમંડળના સભ્યો પણ ઉપસ્થિત રહેશે.

ગુપ્તાએ ઉમેર્યું કે વાઈબ્રન્ટ ગુજરાત સમિટ સંદર્ભે રાજ્ય સરકાર દ્વારા તા. ૧લી ડિસેમ્બરથી ૧૨મી જાન્યુઆરી સુધી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. આજથી વાઈબ્રન્ટ સમિટ સુધીમાં દર સોમવારે મોટા અને વિશિષ્ટ પ્રોજેક્ટ માટે એમઓયુ કરવામાં આવશે. જે એમઓયુ પ્રોજેક્ટમાં પરિવર્તિત થાય તેવા જ એમઓયુ કરવામાં આવશે.

અમે ઓનલાઈન નહિ શેરી શિક્ષણથી ભણતા હતા

બોરીજ શાળાના બાળકો સાથે શિક્ષણમંત્રી અને રાજ્યમંત્રીએ ગોષ્ઠી કરી

ગાંધીનગર, તા. ૨૨

રાજ્યમાં આજથી ધો. ૧ થી ૫ ના વર્ગખંડોમાં પ્રત્યક્ષ શિક્ષણ આપવાનું શરૂ કરવાના નિર્ણયને પગલે રાજ્યના શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણી તથા

રાજ્યમંત્રી કીર્તિસિંહ વાઘેલા મંત્રીમંડળ નિવાસસ્થાનને અડીને આવેલ બોરીજની પ્રા. શાળામાં પહોંચ્યા હતા.

બન્ને મંત્રીઓએ બાળકોને ચોકલેટ ખવડાવી તેમજ તિલક કરી આવકાર્યા અને તેમની સાથે રસપ્રદ પ્રશ્નોત્તરી કરી હતી.

શિક્ષણમંત્રી જીતુભાઈ વાઘાણીએ બાળકોને પુછ્યુ હતુ કે શાળાએ આવવાની મઝા પડીને ? શાળામાં આવવાનું ગમ્યું કે નહિ ? તેમણે ધો. ૧ ના બાળકોને પુછ્યુ કે તમે તો પહેલી વખત શાળામાં આવ્યા તમને કેવુ લાગ્યું.

ધો. ૩ થી ૫ ના બાળકોને તેમણે પુછ્યુ કે તમે ઓનલાઈન ભણતા હતા ત્યારે એક બાળકે કહ્યુ સાહેબ ના હો ફોન નથી પણ અમે શેરી શિક્ષણમાં ભણતા હતા. અમને મઝા આવતી હતી. શાળાએ આવવાથી હવે ભણવાની વધારે મઝા આવશે. ભાઈબંધો સાથે બેસીને ભણીશુ.

ગામની શાળાનું સંકુલ અને સ્વચ્છતા જોઈ મંત્રીઓ પ્રભાવિત થયા હતા. તેમણે બાળકોની હાજરી અંગે તપાસ કરતાં જાણવા મળ્યુ કે ૪૧૦માંથી ૧૩૦ બાળકો આજે શાળાએ આવ્યા છે. આથી તેઓ વધુ ખુશ થયા હતા.

તેમણે સંકુલમાં ધો. ૧ થી ૫ ના વર્ગખંડોની મુલાકાત લીધી હતી તેમજ કોરોનાની નિયત એસ.ઓ.પી.નું પાલન કરાયુ છે કે નહિ તેની પણ ચકાસણી કરી હતી.

વાઈબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ-૨૦૨૨ના પડઘમ શરૂ

ગાંધીનગર, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની દીર્ઘદ્રષ્ટિ અને પ્રયાસોથી શરૂ થયેલી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ઉત્તરોત્તર નવા રેકોર્ડ સ્થાપી

રહી છે.

વાયબ્રન્ટ સમિટને કારણે ગુજરાત વૈશ્વિક બિઝનેસ હબ બનવા તરફ આગળ વધી રહ્યું છે તેવા સમયે ૧૦ મી વાયબ્રન્ટ ગુજરાત ગ્લોબલ સમિટ ૨૦૨૨ના પડઘમ વાગી રહ્યા છે.

આગામી જાન્યુઆરી ૨૦૨૨ માં યોજાનારી આ સમિટ આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારતની પ્રગતિ અને સફળતાની ગાથાને વધુ ગતિથી આગળ વધારશે.

ગુજરાતને ગ્લોબલ ડેસ્ટીનેશન ફોર ઈન્વેસ્ટમેન્ટ તરીકે પ્રસ્થાપિત કરી રહેલી આ વાયબ્રન્ટ સમિટની ૧૦ મી શ્રૃંખલાના પ્રારંભ પૂર્વે આજે ગુજરાત સરકારે રૂ. ૨૪૧૮૫.૨૨ કરોડના સૂચિત મૂડીરોકાણ માટે ૨૦ જેટલા સૈ (મેમોરેન્ડમ ઑફ અંડરસ્ટેન્ડિંગ) પર હસ્તાક્ષર કર્યા હતા.

આ મૂડીરોકાણ દ્વારા રાજ્યમાં અંદાજે ૩૬,૯૨૫ જેટલી રોજગારની નવી તકો ઉભી થશે. ગાંધીનગરમાં આજે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા ઉદ્યોગ રાજ્યમંત્રી જગદીશભાઈ પંચાલની ઉપસ્થિતિમાં આ સૈ પર હસ્તાક્ષર થયા હતા.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આ અવસરે કહ્યું કે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતના વૈશ્વિક વિકાસનો જે પાયો આ સમિટથી નાખ્યો છે તેના પરિણામે આજે ગુજરાત દેશ અને દુનિયાના રોકાણકારો માટે એક સક્ષમ માધ્યમ બન્યું છે.

રાજ્ય સરકાર પણ નરેન્દ્ર ભાઈ મોદીના પદચિન્હો પર ચાલીને સકારાત્મક બિઝનેસ પોલિસી તથા પ્રોત્સાહક વાતાવરણથી વધુને વધુ ઉદ્યોગો રાજ્યમાં આવે તે માટે પ્રતિબદ્ધ છે.

ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે જે એમઓયુ થાય તે ઉદ્યોગો સમયસર શરૂ કરવાની જવાબદારી ઉદ્યોગો નિભાવે તે જરૂરી છે

વોર્ડ નં.૧૦ના કોર્પોરેટર મહેન્દ્રદાસ પટેલ મતદારયાદી સુધારણા કાર્યક્રમની સમીક્ષા કરવા પહોંચ્યા હતા. સેકટર-૧, ૬, ૭ અને ૮ના વસાહતીઓની મતદાર યાદી સુધારણાની કામગીરી ચાલી રહી છે તે અંતર્ગત તેઓ મતદાન મથકોની મુલાકાતે પહોંચ્યા અને કામગીરી નિહાળી હતી.

બિપીનકુમાર શ્રીમાળીને સરકારી સેવામાં અનુકરણીય શ્રેષ્ઠતા માટે એવોર્ડ એનાયત

આણંદ જિલ્લાના પેટલાદ તાલુકાના પંડોળીના મૂળ વતની શ્રી બિપિનકુમાર શ્રીમાળી ૧૯૯૨ બેચના મહારાષ્ટ્ર કેડરના સનદી અધિકારી છે. તેઓ મહારાષ્ટ્ર સરકારમાં વિવિધ પદ પર ફરજ બજાવી હાલ મહાત્મા ફૂલે નવીનીકરણીય ઉર્જા અને પાયાભૂત સુવિધા કંપની, ''મહાપ્રિત'' (MAHAPREIT - મહારાષ્ટ્ર સરકારનું પબ્લિક અંડર ટેકિંગ) તેમજ તેની સુત્રધારી કંપની MPBCDC ના મેનેજીંગ ડિરેક્ટર તરીકે ફરજ બજાવે છે.

શ્રી બિપીનકુમાર શ્રીમાળીને સરકારી સેવામાં અનુકરણીય શ્રેષ્ઠતા માટે મહારાષ્ટ્રના રાજ્યપાલ શ્રી ભગતસિંહ કોશયારીના હસ્તે એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૧૯ માં એક વર્ષ માટે તેઓ USAમાં યુનિવર્સિટી ઓફ કેલિફોર્નિયામાં નવીનીકરણીય ઉર્જા અને ઈલેક્ટ્રિક વાહન (રિન્યૂએબલ એનર્જી અને ઈલેક્ટ્રિક મોબિલિટી) પર ઉચ્ચ અભ્યાસ અર્થે હતા. ''મહાપ્રિત'' કંપની સોલાર પાવર

પ્રોજેક્ટસ, ઈલેક્ટ્રિક ચાર્જિંગ સ્ટેશન્સ, સોફ્ટ વેર ટેકનોલોજી પાર્ક, હાઈવે બાંધકામ, ગૃહનિર્માણ અને અલ્ટરનેટિવ એનર્જી - બાયો ફયુઅલ્સ વગેરે ક્ષેત્રોમાં કાર્યરત છે.

૨૦૦૨માં ગુજરાત ભૂકંપ દરમિયાન ભુજ ખાતે ભૂકંપ પુનર્વસન પ્રોજેક્ટમાંજીઠ્ઠ તરીકે અને ત્યારબાદ ૨૦૦૫ માં કલેક્ટર જૂનાગઢ તરીકે ગુજરાત સરકાર સાથે કામ કર્યું હતું. તેઓ સૌરાષ્ટ્ર યુનિ., મોરબીની લખધીરસિંહજી કોલેજની મિકેનિકલ એન્જિનિયરિંગની ડિગ્રી ધરાવે છે.

ગુજરાત મહેસુલ પંચની કચેરીનું ભૂમિપૂજન

"સત્ય અને ન્યાય લોકશાહીના મૂળભૂત તત્વ" : મહેસુલ મંત્રી રાજેન્દ્ર ત્રિવેદી

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાતના મહેસુલમંત્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદીએ ગુજરાત મહેસુલ પંચની કચેરીના ભૂમિપૂજન પ્રસંગે જણાવ્યું હતું કે મજબૂત લોકશાહી માટે સત્ય અને ન્યાય પાયાના તત્વો છે.

રાજેન્દ્રભાઈએ કહ્યું કે મહેસુલ એ સરકારનો પાયાનો વિભાગ છે. આ વિભાગ સૌથી વધુ રોજગારી આપતા ખેતીવાડી અને બાંધકામ ઉદ્યોગમાં સેતુરુપ છે. મંત્રીએ આ અવસરે જમીન તકરારના કેસ અને વિવાદનો અમદાવાદના સરખેજ-ગાંધીનગર હાઈવે પર ગોતા વિસ્તારમાં આ નવી કચેરીનું નિર્માણ થશે. જેનો અંદાજિત ખર્ચ રૂ. ૨૬.૧૧ કરોડ થશે.

મંત્રીએ નવનિર્માણ પામનારી ગુજરાત મહેસુલ પંચની કચેરીની પૂર્વભૂમિકા સ્પષ્ટ કરતાં કહ્યું કે વર્ષોથી ગુજરાત મહેસુલ પંચની રાજ્યકક્ષાની કચેરી લાલ-દરવાજા ખાતે કાર્યરત હતી, પણ હવે ટ્રાફિક અને પાર્કિંગની સમસ્યાને ધ્યાને લઈ રાજ્ય સરકારે એસ.જી. હાઈ વે તેના નિર્માણનો નિર્ણય કર્યો છે. આ નવી સુવિધાના પગલે વકીલો અને અરજદારોની સુગમતામાં વૃદ્ધિ થશે. ઝડપી અને ન્યાયપૂર્ણ ઉકેલ માટેની કટિબદ્ધતા પણ વ્યક્ત કરી હતી. તેમણે ઉમેર્યું કે મહેસુલી કાયદાઓના સરળીકરણની દિશામાં સરકાર ગંભીરતાપૂર્વક પ્રયાસો કરી રહી છે.

આ પ્રસંગે સાબરમતીના ધારાસભ્ય અરવિંદભાઈ પટેલ, મહેસૂલ વિભાગનાં સચિવ પી. સ્વરૂપ, મહેસૂલ પંચના અધ્યક્ષ, બાર એસોશિયેશનના સભયો, સરકારી વકીલો, જિલ્લા કલેકટર સંદિપ સાગલે, પ્રાંતઅધિકારી જે.બી. દેસાઇ, સીટી મામલતદાર. મહેસૂલ વિભાગના પદાધિકારીઓ, અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

શ્રી જલીયાણ સેવા ગ્રુપ દ્વારા સેકટર-૨ ૩માં છાપરા વસાહતમાંબાળકોને નાસ્તાના પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હતું. વિશ્વ બાલ દિવસની ઉજવણી નિમિત્તે આ સેવાકાર્ય કરવામાં આવ્યું હતું.

પાંથાવાડા પોલીસે કુંડી ગામેથી વિદેશી દારૂ ભરેલી ગાડી ઝડપી

પાંથાવાડા પીએસઆઈ આર.એસ.લશ્કરીએ સ્ટાફના અ.હેડ કોન્સ. ભરતસિંહ, એ. એસ.આઈ. રમેશભાઈ, અ.પો. કોન્સ. ભુપતભાઈ, ડ્રા.પો.કોન્સ. જબ્બરસિંહ સાથે બાતમી આધારે કુંડી ગામની સીમમાં નાકાબંધી ગોઠવી હતી.જેમાં બાતમીવાળી ઈકો ગાડી (નં.જીજે૦૨ બીપી૫૬૨૧) ધામસણ (રાજ.) તરફથી આવતાં તેને રોકાવી ચેક કરતાં ઈકો ગાડીની વચ્ચેની સીટે તથા પાછળની સીટ નીચેથી ગે.કા.વગર પાસ પરમીટે ભારતીય બનાવટના વિદેશી દારૂ તથા બિયર ટીનની કુલ બોટલ નંગ-૨૪૦ (૪૮,૭૮૦), ઈકો ગાડી (રૂ.૩,૦૦,૦૦૦) તથા મોબાઈલ નંગ-૧ (રૂ.૫૦૦) એમ મળી કુલ રૂ.૩,૪૯,૨૮૦ના મુદામાલ સાથે ચાલક પ્રકાશજી અચળાજી રામસણા રહે. રામસણ તા.ડીસાને પકડી પાડી કાર્યવાહી કરેલ છે.

સિમ્સ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, અમદાવાદે

સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી ૧૫૦ પેડિયાટ્રિક બોનમેરો ટ્રાન્સપ્લાન્ટસ કર્યા

અમદાવાદ, તા. ૨૨

સિમ્સ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, અમદાવાદે સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશનના સહયોગથી ૧૫૦ પેડિયાટ્રિક બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ કરીને થેલેસેમિયા મેજર બાળકો અને તેમના પરિવારોના જીવનમાં પરિવર્તન લાવવામાં સહાય કરી છે.

થેલેસેમિયાને દુનિયામાં સૌથી વધુ વ્યાપક બ્લડ ડિસોર્ડર ગણવામાં આવે છે. ભારતમાં દર વર્ષે ૧૦,૦૦૦ થી વધુ થેલેસેમિયા મેજર બાળકોનો જન્મ થાય છે. આવું બનવાનું કારણ એ છે કે મોટા ભાગના કિસ્સાઓમાં માતા-પિતા જાણતા નથી હોતા કે તેમને થેલેસેમિયા મેજર છે. જ્યારે થેલેસેમિયા મેજર ધરાવતા બાળકનો જન્મ થાય છે ત્યારે જ તેમને ખબર પડે છે થેલેસેમિયાની એક માત્ર ક્યુરેટિવ સારવાર હ્યુમન લ્યુકોસાઈટ એન્ટીજન્સ (એચએલએ) મેચ થતો હોય તેવા ડોનરનું બોનમેરો ટ્રાન્સપ્લાન્ટ છે.

સિમ્સ મલ્ટી સુપર સ્પેશ્યાલિટી હોસ્પિટલ, અમદાવાદ અને સંકલ્પ ઈન્ડિયા ફાઉન્ડેશને સાથે મળીને વર્ષ ૨૦૧૭માં ભારતને થેલેસેમિયા મુક્ત બનાવવાની દિશામાં એક કદમ તરીકે બીએમટી યુનિટની સ્થાપના કરી હતી. આ પ્રયાસને જરૂરિયાતને આધારે તબીબી નૉલેજ, ક્લિનિકલ મેનેજમેન્ટ સપોર્ટ અને પેશન્ટ ફંડીંગ પૂરી પાડતી ઈટાલી સ્થિત સંસ્થા ક્યોર ર ચિલ્ડ્રન (ઝીરિઝરૈઝ્ઝીહિ) નો સહયોગ પ્રાપ્ત થયો હતો.

સાહિત્ય અકાદમી આયોજિત 'ભારતની ૭૫ શ્રેષ્ઠ મહિલાઓ' પુસ્તક વિમોચન સમારોહ

ગાંધીનગર, તા. ૨૨

ગુજરાત સાહિત્ય અકાદમી અને પરિચય ટ્રસ્ટ આયોજિત રક્ષા શુક્લ લિખિત 'ભારતની ૭૫ શ્રેષ્ઠ મહિલાઓ' પુસ્તકનો વિમોચન સમારોહ તા. ૨૬ નવેમ્બર-૨૦૨૧ શુક્રવારના રોજ સાંજે ૬ કલાકે નવજીવન ટ્રસ્ટ, આશ્રમ રોડ ખાતે યોજાશે. આ ઐતિહાસિક પુસ્તકનું વિમોચન સુપ્રસિદ્ધ સિતારવાદક વિદૂષી મંજુ મહેતા કરશે અને કાર્યક્રમના અધ્યક્ષ પદ્મશ્રી વિષ્ણુ પંડ્યા રહેશે. અકાદમીના મહામાત્ર ડૉ. જયેન્દ્રસિંહ જાદવ અને જાણીતા કવિ હિતેન આનંદપરા અતિથિવિશેષ રહેશે. કાર્યક્રમનું સંચાલન સ્નેહલ મુઝુમદાર કરશે. આ કાર્યક્રમમાં પધારવા સાહિત્યરસિકોને જાહેર નિમંત્રણ છે. રક્ષા શુક્લના આ પુસ્તકમાં ભારતની એવી સર્વશ્રેષ્ઠ શક્તિશાળી મહિલાઓનું આલેખન થયું છે, જેણે શૂન્યથી શિખર સુધીની યાત્રા કરી છે.

પ્રવેશ મળશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પ્રવાહમાં પ્રવેશ મેળવી શકતા ન હતા જેમાં સુધારો કરી દેવામાં આવ્યો છે. રાજ્ય સરકારના આ નિર્ણયથી રાજ્યના વિદ્યાર્થીઓને કારકિર્દીના ઘડતર માટેનો નવો વળાંક મળશે. એટલું જ નહીં, ધોરણ-૧૦ ગણિત બેઝિકમાં પાસ થનાર વિદ્યાર્થી જો ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં એ અથવા એબી ગૃપમાં પ્રવેશ મેળવવા માંગતો હોય તો જુલાઈ માસની પૂરક પરીક્ષા દરમિયાન ગણિત સ્ટાન્ડર્ડની પરીક્ષા પાસ કરી વિદ્યાર્થી ધોરણ-૧૧ વિજ્ઞાન પ્રવાહમાં એ અથવા એબીગ્રૂપમાં પ્રવેશ મેળવી શકશે.

ગરમીનું સામ્રાજ્ય... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

લીધે નાગરિકો બેચેની અનુભવી રહ્યા હતા. દિવસે પરસેવો વળે તેવો ઉકળાટ અનુભવતા શહેરીજનો મોસમના વિચિત્ર મિજાજથી પ્રભાવિત છે. ઠંડી વધવાના દિવસોમાં છેલ્લા ચાર દિવસથી લઘુત્તમ તાપમાન ગગડી રહ્યુ છે. મહત્તમ અને લઘુત્તમ તાપમાન વચ્ચે અગાઉ બેવડો તફાવત જોવા મળતો હતો જયારે હવે બન્ને વચ્ચેનો તફાવત પણ ઘટી ગયો છે. ઠંડીની મોસમમાં થોડા દિવસો અગાઉ વાદળિયા વાતાવરણ વચ્ચે વરસાદી છાંટણા પડયા હતા. જયારે હવે ઠંડીનુ જોર ઘટવાની સાથે ગરમી અનુભવતા નગરજનો મોસમના આ બદલાવથી બેચેન બન્યા છે. હવામાન તજજ્ઞોનાના મતે આગામી દિવસોમાં ઠંડી વધવાની સંભાવના છે. પરંતુ હાલ તો મોસમનો મિજાજ ઠંડો પડી ગયો છે જેના લીધે વાતાવરણમાં પણ ગરમી વધી રહી છે. મોડી રાત્રે અને વહેલી સવારે ઠંડી ગરમીની બેવડી અસર પણ વર્તાઇ રહી છે. આ સ્થિતિ વચ્ચે જન આરોગ્ય પણ પ્રભાવિત છે.

રિલાયન્સને... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શીટ અને આગામી કેટલાક વર્ષો દરમિયાન મળનારા કેશથી કંપનીને કોઈ મુશ્કેલી નહીં પડે. ક્રેડિટ સ્યુસેએ રિલાયન્સના શેરને ન્યૂટ્રલ રેટિંગ આપી રાખ્યું છે. તેનું કહેવું છે કે, સાઉદી અરામકોની સાથે ડીલ રિલાયન્સ માટે કેટાલિસ્ટનું કામ કરી રહી હતી. અરામકોના ચેરમેનને રિલાયન્સના બોર્ડમાં સામેલ કરાયા હતા અને માનવામાં આવી રહ્યું હતું કે, આ સોદો ફાઈનલ થઈ જશે. રોકાણકારોના મનમાં માત્ર એ સવાલ હતો કે, આ ડીલ સંપૂર્ણ રીતે કેશમાં થશે કે કેશ અને સ્ટોક ડીલ હશે. એ જ કારણ છે કે, કંપનીના ખુલાસાથી રોકાણકારોની ધારણા પ્રભાવિત થઈ. રિલાયન્સના ઓટુસી બિઝનેસનું વેલ્યુએશન ૭૫ અબજ ડોલર માનવામાં આવી રહ્યું હતું, પરંતુ હવે તેમાં ફેરફાર થઈ શકે છે. જેફરીઝએ તેનું વેલ્યુએશન ૭૦ અબજ ડોલર કરી દીધું છે અને સાથે જ સ્ટોકના ટાર્ગેટ પ્રાઈસમાં ૪ ટકાનો ઘટાડો કરી દીધો છે જોકે, બ્રોકરેજે સ્પષ્ટ કર્યું છે કે, અરામકો-રિલાયન્સ ડીલ રદ થવાથી કંપનીની બેલેન્સ શીટ પર કોઈ ફરક નહીં પડે. કંપનીની પાસે નવો બિઝનેસ શરૂ કરવા માટે પૂરતું ફંડ છે.

ગુડા ભવન... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જેમાં અધિકારીઓ, કર્મચારીઓ અને મુલાકાતીઓને પણ મોકળાશ મળી રહે તે મુજબની સુવિધા ઉપલબ્ધ કરાવાશે. ગુડાની કચેરીના સંકુલમાં લેન્ડ સ્કેપીંગ કરીને બગીચો પણ વિકસાવાશે. જયારે બિલ્ડીંગમાં વરસાદી પાણી જમીનમાં ઉતારવા માટે વોટર હાર્વેસ્ટીંગ સિસ્ટમ પણ કાર્યરત કરાશે. ગુડા ભવન તૈયાર કરવા માટે અમદાવાદનાઆર્કિટેકટ અને ડિઝાઈનર હેમલ શાહને કામગીરી સોંપવામાં આવી છે. ગુડાની કચેરીમાં મુલાકાતીઓ તેમજ સ્ટાફને ખાણીપીણીની ચીજવસ્તુઓ પણ મળી રહે તે માટે અમુલ પાર્લર પણ શરૂ કરાશે. હાલ ગુડા ભવનને અનુલક્ષી ઈમારતનુ માળખુ તૈયાર કરી દેવાયુ છે. હાલ ફલોરિંગ સહીતનુ કામ પણ ચાલી રહ્યુ છે. ગુડા ભવનમાં અદ્યતન પાર્કીંગ વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવી છે. જેમાં બેઝમેન્ટમાં ૧૦૦ થી વધુ કાર તેમજ ટુ વ્હીલર્સ પણ પાર્ક કરી શકાય તેવી વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગુડા ભવનમાં બે લીફટ તેમજ બે ફાયર ફાઈટીંગ સિસ્ટમ પણ હશે. મલાકાતીઓ માટે સુવિધાયુક્ત વેઈટીંગ લોન્જ પણ બનાવાશે. ગુડા ભવનના ધાબે વિજબચતને અનુલક્ષી સોલાર સિસ્ટમ પણ લગાવાશે. ગુડા ભવન આગામી એપ્રિલ મહીના સુધીમાં તૈયાર થઈ જશે જેના લીધે ગુડાના કર્મચારીઓ અને અધિકારીઓને સુવિધાયુક્ત કચેરીમાં સ્થાન મળશે મુલાકાતીઓને પણ સરળતા રહેશે.

ટચુકડી
જાહેર ખબર
ગાંધીનગર સમાચાર
દર ગુરુવારે-રવિવારે
ફોન : ૨૩૨૨૨૫૭૧